# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮૧૧૦

**અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ કે જે અગાઉ અભ્યાસ કરી ચૂકેલ હોઈ તે કોર્ષમાથી મુક્તિ આપવા બાબત...**

વંચાણે લીધા: તા.૦૬/૦૬/૨૦૧૬ના રોજ વિદ્યાપરિષદની મળેલ ૪૨મી બેઠકની કાર્યનોધના મુદ્દા નં. ૪૨.૪

# જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની તા.૦૬/૦૬/૨૦૧૬ના રોજ મળેલ વિદ્યાપરિષદની ૪૨મી બેઠકની કાર્યનોધના મુદ્દા નં. ૪૨.૪થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ કે જે અગાઉ અભ્યાસ કરી ચૂકેલ હોઈ તે કોર્ષમાથી મુક્તિ આપવા બાબતે (પરિશિષ્ટ-અ) મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીને લાગુ પડતાં કેસોમાં અમલવારી કરવા વિદ્યાપરિષદ મંજૂરી આપે છે."

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/ ૩૧૧૦ /૨૦૧૬
તા. ૧૩/૦૭/૨૦૧૬

કુલસચિવ

નકલ સવિનય રવાના :-
૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રીઓ તરફ.
૩. વિદ્યાપરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ.
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ.
૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર તરફ જાણ સારું.

નકલ રવાના:-
૧. આ વિભાગની તમામ શાખાઓ તરફ.
૨. એકેડેમીક શાખા તરફ જાણ સારું. (૧૦ નકલમાં)

પરિશિષ્ટ-અ

મુદ્દા નં. ૧ : જે તે રાજ્ય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીમાં નોકરીમાં જોડાય અને અગાઉ કરી ચૂકેલ અભ્યાસ પૂર્ણ કરવા માંગે તેવા કિસ્સામાં નીચે જણાવેલી વિગતો ધ્યાને લેવી.

- નોકરી દરમ્યાનનો અજમાયશી સમય પૂર્ણ થયેલ હોવો જોઈએ.
- Ph.D.માં બે વર્ષ (ચાર સેમેસ્ટર) પૂર્ણ થયેલ હોવા જોઈએ તથા તમામ કોર્ષ વર્ક / સેમિનાર પણ પૂર્ણ થયેલ હોવું જોઈએ. તે બાબતનું મુખ્ય માર્ગદર્શકનું પ્રમાણપત્ર અવશ્ય હોવું જોઈએ.
- અગાઉ અભ્યાસ છોડયાથી ત્રણ વર્ષની અંદર અભ્યાસ પૂર્ણ કરવા માટે વિભાગ મારફત અરજી કરેલ હોવી જોઈએ.
- આવા કર્મચારીઓ પાસેથી અભ્યાસ પુનઃ શરૂ કરતાં પહેલા ત્રણ વર્ષ સુધી નોકરી કરશે તે બાબતનું બોન્ડ લેવાનું રહેશે અને બોન્ડના સમયગાળા પહેલા નોકરી છોડવા ઈચ્છે તો બોન્ડનો જેટલો સમય બાકી હોય તેટલા સમયના પગારની (છેલ્લા માસનો મળતો કુલ પગાર) વસૂલાત કરવી.
- અનુસ્નાતક અભ્યાસ અંગેની Minimum Residential Requirements ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ જ થીસીસ સ્વીકારાશે.

મુદ્દા નં. ૨ : રાજ્ય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટી, બહાર ગુજરાત સરકારના ખેતીવાડી, પશુપાલન તેમજ સંલગ્ન વિભાગમાં નોકરીમાં જોડાય અને અગાઉ અભ્યાસ કરી ચૂકેલ અભ્યાસ પૂર્ણ કરવા માંગે તેવા કિસ્સામાં નીચેની વિગતો ધ્યાને લેવી.

- અજમાયશી સમય પૂર્ણ થયેલ હોવો જોઈએ.
- Ph.D.માં બે વર્ષ (ચાર સેમેસ્ટર) પૂર્ણ થયેલ હોવા જોઈએ તથા તમામ કોર્ષ વર્ક / સેમિનાર પણ પૂર્ણ થયેલ હોવું જોઈએ. તે બાબતનું મુખ્ય માર્ગદર્શકનું પ્રમાણપત્ર અવશ્ય હોવું જોઈએ.
- અગાઉ અભ્યાસ છોડયાથી ત્રણ વર્ષની અંદર અભ્યાસ પૂર્ણ કરવા માટે વિભાગ / ખાતા મારફત અરજી કરેલ હોવી જોઈએ.
- અનુસ્નાતક અભ્યાસ અંગેની Minimum Residential Requirements ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ જ થીસીસ સ્વીકારાશે.

મુદ્દા નં. ૩ રાજય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી તે જ કૃષિ યુનિવર્સિટીમાં નોકરીમાં જોડાય અને તે જ યુનિવર્સિટીમાં પીએચ.ડી. ઇન-સર્વિસ તરીકે અભ્યાસમાં જોડાય તેવા કિસ્સામાં નીચેની વિગતો ધ્યાને લેવી.

- અજમાયશી સમય પૂર્ણ થયેલ હોવો જોઈએ.
- આવા કર્મચારીઓ પાસે ત્રણ વર્ષ સુધી નોકરી કરશે તે બાબતનું બોન્ડ લેવાનું રહેશે અને બોન્ડના સમયગાળા પહેલા નોકરી છોડવા ઈચ્છે તો બોન્ડનો જેટલો સમય બાકી હોય તેટલા સમયના પગારની (છેલ્લા માસનો મળતો કુલ પગાર) વસૂલાત કરવી.
- અનુસ્નાતક અભ્યાસ અંગેની Minimum Residential Requirements ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ જ થીસીસ સ્વીકારાશે.

વધુમાં જે યુનિવર્સિટીમાંથી અભ્યાસ અધૂરો મૂકીને પરત તે જ યુનિવર્સિટીમાં ઇન-સર્વિસ વિદ્યાર્થી તરીકે પ્રવેશ મળે તેવા કિસ્સામાં અગાઉ અભ્યાસ કરી ચૂકેલ કોર્ષ નંબર / ટાઇટલ / કન્ટેન્ટમાં જો કોઈ ફેરફાર ન થતો હોય તો તેવા કિસ્સામાં અગાઉ અભ્યાસ કરી ચૂકેલ કોર્સમાંથી Exemption આપવું અને તેવા કોર્ષનું અગાઉ ઉત્તીર્ણ થયેલ પરિણામ ગણતરીમાં લેવું તથા ટ્રાન્સક્રિપ્ટમાં પણ લેવું. તેમજ જેટલા સેમેસ્ટર માટે આવા કોર્ષનું Exemption અપાય / ઉત્તીર્ણ થયેલ કોર્ષનું પરિણામ ગણવામાં આવે તે મુજબ અભ્યાસ કરેલ સેમેસ્ટરની સંખ્યાને પણ ઇન-સર્વિસ વિદ્યાર્થીના અભ્યાસના સમયગાળામાં કુલ સેમેસ્ટર માટે ગણતરીમાં લેવાના રહેશે.

કુલસચિવ